# એમ્ફીથીયેટરની જગ્યા વાપરવા માટેના નિયમો/શરતો

1. એમ્ફીથીયેટરની ક્ષમતા લગભગ ૧૫૦ બેઠકોની છે.
2. વ્યક્તિ દીઠ પ્રવેશ ફી રૂ. ૧૦ આશ્રમ બાગ ની ટીકીટ બારીમાં અલગથી ચૂકવવાની રહેશે.
3. યુનિટ દીઠ રૂ. ૧૧ લાઈટબિલ માટે અલગથી ચુકવાવાના રહેશે.
4. કાર્યક્રમ/વપરાશ રાખનાર વ્યક્તિ/સંસ્થાએ નિયત કરેલ ફોર્મમાં પૂરેપૂરી માહિતી સાથે ઓનલાઈન અરજી કરવાની રહેશે.
5. કાર્યક્રમ માટેનુ ઓનલાઇન બુકિંગ ૬ માસ અગાઉથી ચાલુ થશે. જે તે તારીખ અને સમય માટે જગ્યા ઉપલબ્ધ હશે તેના માટે અરજદાર બુકિંગ કરી શકશે.
6. વપરાશનો સમય સવારના ૬:૦૦ થી રાત્રિના ૧૦:૦૦ કલાક સુધીનો રહેશે.
7. ભાડાની રકમ તથા ડીપોઝિટ ભર્યા વગરની અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. બુકિંગ માત્ર રિવરફ્રન્ટ્ની વેબસાઇટ www.sabarmatiriverfront.com દ્વારા કરવાનું રહેશે.
8. કાર્યક્રમના ૧૦ દિવસ અગાઉ સુધી કાર્યક્રમની તારીખ બદલવા માટેની આવેલ અરજી ઉપર માંગેલ કાર્યક્રમની તારીખમા કોઇ બુકિંગ ન હોય તો ભાડાની રકમ ઉપરાંત વધારાના ૫૦ % લઇ ટ્રાન્સફર કરી આપવામાં આવશે, જેની મંજૂરી અગાઉથી booking@srfdcl.com પર અરજી કરી મેળવવાની રહેશે.
9. જગ્યા વાપરનાર વ્યક્તિ/સંસ્થાએ ખુરશી, લાઉડસ્પીકર તથા લાઈટની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
10. વપરાશ માટે રાખનાર વ્યક્તિ/સંસ્થાએ જે હેતુ માટે જગ્યા વાપરવા રાખી હોય તે જ હેતુ માટે ઉપયોગ કરી શકાશે. જો તે હેતુમાં કોઈ ફેરફાર કરવાનો જણાય તો તેની મંજુરી ફરજીયાત પણે કાર્યક્રમના ૧૦ દિવસ અગાઉથી booking@srfdcl.com પર અરજી કરી મેળવવાની રહેશે. જો વધારાની ભાડાની ફી ભરવાની થાય તો તે ભાડાની રકમ તથા ડીપોઝીટ ફી ભર્યા બાદ જ આવો ફેરફાર કરવા દેવામાં આવશે.
11. વપરાશ દરમિયાન સા.રી.ફ્ર.ડે.કો.લી. ની મિલકત ને કોઈપણ પ્રકારનું નુકશાન થશે તો તેની સઘળી જવાબદારી જગ્યા વાપરનાર વ્યક્તિ/સંસ્થાની રહેશે. સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા નક્કી કરેલ નુકશાન ની રકમ ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે. જો નુકશાન ની રકમ ડીપોઝીટ ની રકમ કરતાં વધારે હશે તો વ્યક્તિ/સંસ્થાએ જે તે નુકશાની રકમ ભરપાઈ કરવાની રહેશે.આ અંગે સા.રી.ફ્ર.ડે.કો.લી. એ કરેલ નિર્ણય આખરી ગણવામાં આવશે.
12. જગ્યા વાપરવાની પરવાનગી જરૂરી પુરાવા અને જરૂરી પેમેન્ટ કર્યા બાદ જ મળશે.
13. કોઈપણ પરીસ્થિતિ માં કાર્યક્રમ માટે નક્કી કરેલ દિવસોમાં ઘટાડો કરવા દેવામાં આવશે નહી.
14. ભાડાની કુલ રકમ ઉપર લાગૂ પડતો ટેક્સ ભાડે રાખનાર વ્યક્તિ/સંસ્થાએ અલગથી ભરવાનો રહેશે.
15. બુકિંગની રકમ અરજદારે માત્ર ઓનલાઈન પેમેન્ટ દ્વારા ભરવાની રહેશે. અરજદાર ઉપલબ્ધ વિકલ્પો દ્વારા પેમેન્ટ કરી શકશે. પેમેન્ટ થયા બાદ જ અરજદારને કન્ફર્મેશન મેઈલ મળશે.
16. વ્યક્તિ/સંસ્થાએ નક્કી કરેલ ભાડાની પૂરીપૂરી રકમ (ટેક્સ સાથે) તથા ભાડનાં ૫૦% ડીપોઝીટ (ટેક્સ સિવાય) તરીકે ભરવાની રહેશે. આ ડીપોઝીટની રકમ કાર્યક્રમના પૂર્ણ થયા બાદ ૩૦ દિવસમાં રીફંડ કરી આપવામાં આવશે.

sabarmati RIVERFRONT

17. જે વ્યક્તિ/સંસ્થા ના નામ પર બુકિંગ થયેલ હશે તે નામે જ ડીપોઝીટની રકમ પરત મેળવી શકશે. જે માટે બુકિંગ થયેલ નામે નો કેન્સલ ચેક આપવાનો રહેશે.
18. સા.રી.ફ્ર.ડે.કો.લી દ્વારા કોઈ પણ કારણોસર કાર્યક્રમ રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો સંપૂર્ણ હક્ક/અધિકાર સા.રી.ફ્ર.ડે.કો.લી. નો રહેશે. અને સા.રી.ફ્ર.ડે.કો.લી. આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
19. જો કોઈ કારણોસર વ્યક્તિ/સંસ્થા તરફથી બુકિંગ કેન્સલ કરાવવામાં આવશે તો નીચેના ધોરણે રકમ રીફંડ આપવામાં આવશે.
    (અ) કાર્યક્રમના ૧૫ દિવસ અગાઉ બુકિંગ કેન્સલ કરાવે તો ભાડાના ૭૫% રીફંડ આપવામાં આવશે.
    (બ) કાર્યક્રમના ૩ દિવસ અગાઉ અને ૧૫ દિવસની અંદર બુકિંગ કેન્સલ કરાવે તો ભાડાના ૫૦% રીફંડ આપવામાં આવશે.
    (ક) કાર્યક્રમના ૧ દિવસ અગાઉ અને ૩ દિવસની અંદર બુકિંગ કેન્સલ કરાવે તો ભાડાના ૨૫% રીફંડ આપવામાં આવશે.
    (ડ) કાર્યક્રમના દિવસે અરજી આવે તો કોઈ પણ જાતનું રીફંડ આપવામાં આવશે નહી.
    (ઈ) ડીપોઝીટની પૂરેપૂરી રકમ સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા રીફંડ કરવામાં આવશે.
20. કાર્યક્રમના આયોજનને લગતી પોલીસ પરમિટ, ફાયબ્રિગેડ, સીકયુરીટી, હેલ્થ, ઇન્સ્યોરન્સ સેફટીની મંજુરી તથા અત્રે ઉલ્લેખ ન હોય પરંતુ જરૂરી હોય તેવી સરકારી ધારા ધોરણ મુજબની પરવાનગી લેવાની સઘળી જવાબદારી વ્યક્તિ/સંસ્થાની રહેશે. કોઈપણ જાતના અનિચ્છનીય બનાવ માટે સા.રી.ફ્ર.ડે.કો.લી. જવાબદાર રહેશે નહી.
21. ઉપર જણાવેલ જરૂરી પરવાનગીઓ કાર્યક્રમના ૩ દિવસ અગાઉ સા.રી.ફ્ર.ડે.કો.લી.ની ઓફિસમાં જમા કરાવવાની રહેશે. જો જરૂરી પરવાનગીઓ ૩ દિવસમાં જમા કરવામાં નહિ આવે તો સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા કાર્યક્રમ રદ કરવામાં આવશે અને ભાડાની રકમ જપ્ત કરવામાં આવશે.
22. વ્યક્તિ/સંસ્થાએ જરૂરી પરવાનગીઓની અસલ નકલ આપવાની રહેશે. જો આપેલ નકલ બનાવટી કે ભ્રામક જણાશે તો સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા જે તે વ્યક્તિ/સંસ્થા વિરુદ્ધ કાયદાકીય પગલા લેવામાં આવશે.
23. વ્યક્તિ/સંસ્થાએ બુકિંગ વખતે ઓળખના પૂરાવા અને સરનામાંની વિગત આપવાની રહેશે.
24. કાર્યક્રમ પૂર્વે તથા પૂર્ણ થયા બાદ સફાઈની સઘળી જવાબદારી કાર્યક્રમનું આયોજન કરનાર વ્યક્તિ/સંસ્થાની રહેશે. જગ્યા વપરાશ કર્યા બાદ મૂળ સ્થિતિમાં પરત નહી કરવામાં આવે તો દંડની રકમ તરીકે ડીપોઝીટના ૫૦% સમકક્ષ રકમ કાપી લેવામાં આવશે.
25. વ્યક્તિ/સંસ્થાએ આ જગ્યા બીજી કોઈ વ્યક્તિ/સંસ્થાને વાપરવા આપી શકશે નહી. તેમ છતાં જો મંજુરી વગર બીજાને ઉપયોગ કરવા આપ્યાનું જણાશે તો ભરેલી ડીપોઝીટ ની રકમ જપ્ત કરવામાં આવશે અને બુકિંગ કેન્સલ કરવામાં આવશે.
26. ચાલુ કાર્યક્રમ દરમ્યાન સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધિકારીઓ ઈન્સ્પેક્શન કે અન્ય કામે દાખલ થશે તો તેને સહકાર આપવાનો રહેશે.
27. કોઈ પણ વ્યક્તિ/સંસ્થાને કોઈ પણ કાર્યક્રમ માટે ડિસ્કાઉન્ટ કે કન્સેશન આપવામાં આવશે

sabarmati RIVERFRONT

નહી.

28. કાર્યક્રમનાં દિવસો સિવાય મંડપ, રેમ્પ, ગ્રાઉન્ડ બાંધવા/તૈયાર કરાવવા તથા છોડવા/ડીસ્મેન્ટલ કરવાના માટે પ્રતિ દિન લેખે લાગૂ પડતાં ભાડાના ૫૦% વધારાની રકમ ભરવાની રહેશે.

29. વ્યક્તિ/સંસ્થાને કાર્યક્રમની તૈયારી તેમજ ડીસમેન્ટલ માટે કાર્યક્રમના દિવસ સિવાય જો વધારના દિવસની જરૂર જણાયતો જે તે તારીખે જગ્યા ઉપલબ્ધ હશે તો જ મંજુરી આપવામાં આવશે. વ્યક્તિ/સંસ્થાએ આવી મંજુરી booking@srfdcl.com પર અરજી કરી અને વધારાની ફી ની ચુકવણી કરી મેળવવાની રહેશે.

30. વ્યક્તિગત/સંસ્થાએ પ્રદર્શન લાયસન્સ, મનોરંજન લાઈસન્સ, પબ્લિક પર્ફોર્મન્સ લાયસન્સ અને/અથવા કોઈપણ જરૂરી પરવાનગીઓ/એનઓસી/ લાયસન્સ ડ્રમ્સ, સંગીત, રેકોર્ડેડ ઓડિયો-વિડિયો જાહેર વિસ્તારોમાં/ઈવેન્ટ/પ્રવૃત્તિમાં વગાડવા માટે મેળવવું અનિવાર્ય રહશે. કોઈ પણ સંજોગો માં ઉપરોક્ત પરવાનગીઓ/એનઓસી/લાયસન્સ મેળવવામાં ડિફોલ્ટના કિસ્સામાં, SRFDCL અને તેના અધિકારીઓ/નિદેશકો/પ્રતિનિધિઓ તેના માટે જવાબદાર રહેશે નહીં. તે ઈવેન્ટના આયોજક/વ્યક્તિગત/સંસ્થાની સંપૂર્ણ અને સંપૂર્ણ જવાબદારી છે.

31. યોગ્ય લાયસન્સ/ પરવાનગીઓ/એનઓસી વિના જાહેર સ્થળોએ/પબ્લિક ઈવેન્ટ માં પ્રી-રેકોર્ડેડ સંગીત અનધિકૃત રીતે વગાડવું એ બિન-જામીનપાત્ર અને નોંધનીય ગુનો છે.

32. ભાડાના દર નીચે મુજબ ભરવાના રહેશે.

| Type of Event | Rent | 18% GST | Total Rent | Deposit @ 50% | Total |
|---|---|---|---|---|---|
| Amphi Theatre (Non-Commercial) | 1,200 | 216 | 1,416 | 600 | 2,016 |
| Amphi Theatre (Commercial) | 5,800 | 1,044 | 6,844 | 2,900 | 9,744 |